અપીલ અરજી નં.૧૫૧ તા.૨૦ –૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતીઅધિકારી (ગાર્ડન વિભાગ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૦–૬–૦૯ ની અરજીથી નાનપુરા ગાર્ડન વિભાગમાં ઝાડ છાંટવાની ફરીયાદ કરવા છતાં ફરીયાદનો નિકાલ કરવામાં આવતો ન હોય તે અરજી બાબતે અધિકારીએ કર્મચારી પાસે શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. અને અપાયેલ અરજી બાબતે કાર્યવાહી ન થઈ શકી કયા કારણસર સંપુર્ણ માહિતી આપવા બાબત.
***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૧/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૦–૬–૦૯ ની અરજીથી નાનપુરા ગાર્ડન વિભાગમાં ઝાડ છાંટવાની ફરીયાદ કરવા છતાં ફરીયાદનો નિકાલ કરવામાં આવતો ન હોય તે અરજી બાબતે અધિકારીએ કર્મચારી પાસે શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. અને અપાયેલ અરજી બાબતે કાર્યવાહી ન થઈ શકી કયા કારણસર સંપુર્ણ માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૭ તા.૨૯–૮–૦૯ ના રોજ ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતીઅધિકારી (ગાર્ડન વિભાગ) જયારે અરજદારને તા.૩૦–૮–૦૯ ના રોજ માહિતી નહીં મળ્યાના પત્રના અનુસંધાને પત્ર નં.૫૦૯ તા.૧૩–૮–૦૯ થી વિગતવાર અપીલ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૦–૮–૦૯ ના રોજ અપીલ ફોર્મ ભરી ફી ભર્યાની વિગત, મુળ અરજીની નકલ, અને કરેલ ફરીયાદ અરજીનો તા.૧ ૭–૪–૦૯ નો પત્રની નકલ રજૂ કરેલ છે. પરંતુ અપીલ અરજીના વિલંબનું વાજબીપણું રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૭૧૨ તા.૧૫–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અરજદારનો તા.૧૭–૪–૦૯ નો ફરીયાદ પત્ર, તા.૧૯–૧–૦૯ ની ફરીયાદ રજીસ્ટર નોંધ ૧૭૦ ની નકલ, તા.૧૭–૨–૦૯ ની વાહન લોગબુકની નકલ, તા.૧૭–૨–૦૯ ની કામદાર ફાળવણી રજીસ્ટરની નકલ, તા.૧૮–૬–૦૯ ની કામદાર ફાળવણી રજીસ્ટર અને તા.૧ ૮–૬–૦૯ ની વાહનલોગની નકલ, તા.૧૨–૮–૦૯ ની કામદાર ફાળવણી રજીસ્ટર તા.૧૨–૮–૦૯ ની લોગબુકની નકલ અત્રે પુરાવા તરીકે રજૂ કરેલ છે.

અરજદારે તા.૧૭–૪–૦૯ ના રોજના પત્રથી તા.૧૯–૧–૦૯ ના રોજ નાનપરા ગાર્ડન વિભાગમાં ઝાડ છાંટવાની ફરીયાદ કરવા છતાં નિકાલ કરવામાં ન આવેલ હોય તે બાબતે અરજી કરેલ. જેના અનુસંધાને તા.૧૦–૬–૦૯ ના રોજ અરજી બાબતે અધિકારીએ અને કર્મચારી પાસે શું શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને અપાયેલ અરજી બાબતે ન થઈ શકી તો કયા કારણસર માહિતી માંગવામાં આવેલ. જે માહિતી દિન–૩૦ માં ન મળતાં અરજદારે તા.૩–૮–૦૯ ના પત્રથી તા.૧ ૦–૬–૦૯ ના રોજ કરેલ અરજીની માહિતી મળી નથી શા માટે? તથા ૩૦ દિવસમાં માહિતી નહીં મળતા અપીલ કરવાની હોય છે પરંતુ અપીલ કરવાની રહી ગઈ હોય તેવો જણાવતો પત્ર મળેલ. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૯ તા.૧૩–૮–૦૯ થી અરજદારને પત્ર પાઠવી અપીલના વિલંબ અને વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારએ તા.૨૦–૮–૦૯ ના રોજ અપીલ કરેલ છે. જેમાં અરજી ફી ની વિગત, મુળ અરજીની નકલ તથા ફરીયાદ પત્ર રજૂ કરેલ છે પરંતુ વિલંબનું કોઈ વાજબીપણું અપીલ તબકકે રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે અત્રે જણાવેલ પૂરક વિગતોમાં અરજદારે ફરીયાદ નોંધ નંબર ૧૭૦ તા.૧૯–૧–૦૯ ના રોજ ઉમાભવન વાડી પાસે બહારના ભાગે ઝાડની લાઈટપોલને નડતરરૂપ ડાળીઓ છાંટવા માટે ટેલિફોનીક ફરીયાદ નોંધાવેલ. જે અંગે ગાર્ડન વિભાગ તરફથી તા.૧૭–૨–૦૯, તા.૧૮–૬–૦૯ તથા તા.૧૨–૮–૦૯ ના રોજ ઉમાભવન વાડી પાસે બહારના ભાગે ઝાડની લાઈટપોલને નડતરરૂપ ડાળીઓ છાંટવાની કામગીરી કરવામાં આવેલ. જે અંગે વાહનલોગબુકની નકલ તથા કામદારોની ફાળવણી રજીસ્ટરની નકલ તથા ફરીયાદ રજીસ્ટરમાં નિકાલના પુરાવા રજૂ કરેલ છે. પરંતુ અરજદારને તે અંગે જાણ કર્યા કે માહિતી પૂરી પાડયાની કોઈ વિગતો અપીલ તબકકે પૂરી પડાયેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની ફરીયાદ બાબતે થયેલી કાર્યવાહીની નહીં પૂરી પડાયેલ ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી ગાર્ડનવિભાગને જણાવવામાં આવેલ છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી ગાર્ડનવિભાગ, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ